જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૨/૨૦૧૪ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૫૮૪/૧૪**

**ક્રાઈમ બ્રાન્ચ :-**

**(૧)**

અમદાવાદ શહેરમાં બનેલ ગંભીર પ્રકારના ગુનાઓ શોધી કાઢવા અંગે પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ તરફથી મળેલ સુચના આધારે આજરોજ તા.૨૭/૨/૨૦૧૪ ના રોજ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ તથા તેઓની ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.બી.દેસાઈ તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમિયાન પો.કોન્સ. શ્રી વિજયસિંહ અદેસિંહને મળેલ બાતમી હકીકત આધારે સરખેજ ઉજાલા સર્કલ ખાતે જઈ તપાસ કરતા એક મહીલા નામે આરેફા ઉર્ફે મીના W/O ખોડાભાઈ નવઘણભાઈ મકવાણા (કોળી પટેલ) ઉ.વ. ૩૫, રહે. ગામ – મટોડા, તળપદવાસ, તા- સાણંદ, જી-અમદાવાદ. મુળ રહે. કેલીકો મીલના છાપરા, ફુલ બજાર સામે, જમાલપુર, અમદાવાદની નાના બાળક સાથે ઉજાલા હોટલ આગળ હાજર મળી આવતા જેને પોલીસ ઈન્સ્પેક્ટ શ્રી એસ.આર.ટંડેલ નાઓએ મળેલ બાતમી મુજબ, તેની પાસેના બાળક બાબતે પુછતા કોઈ સંતોષકારક જવાબ નહી આપી ગલ્લા તલ્લા કરતી જણાતા આ મહીલા શંકાસ્પદ જણાતા જરૂરી ખરાઈ કરવા સારૂ આ મહીલાને બાળક સહીત ક્રાઈમ બ્રાન્ચ ખાતે લાવી, કારંજ પો.સ્ટે. I ગુ.ર.નં.૧૭/૧૪ ઈપીકો કલમ ૩૬૩ મુજબના કામના ફરીયાદી શ્રી અલી એહમદ રજીએહમદ શેખ ઉ.વ.૨૪, રહે. અખંડાનંદ હોસ્પિટલ સામે, ફુટપાથ ઉપર, સી.એન.આઈ. ચર્ચ તથા વિક્ટોરીયા ગાર્ડનની સામે, કારંજ, અમદાવાદ શહેર તથા તેમના પત્નિ મંજુ ઉર્ફે મદીના અલી એહમદ રજીએહમદ શેખ ઉ.વ.૨૭ (અપહરણ કરાયેલ બાળકની માતા) ને તથા મહીલા પોલીસને બોલાવતા તેઓ આવતા ફરીયાદી તથા તેની પત્નિ (અપહરણ કરાયેલ બાળકની માતા) મારફતે બાળકની ઓળખ કરાવતા તેઓએ બાળક જોઈ અપહરણ કરાયેલ પોતાનો આઠ માસનો દીકરો નામે રમજાન હોવાનુ કહી ઓળખી બતાવતા લાગણી સભર દ્રશ્યો સર્જાયેલ. આ વખતે અપહરણ કરાયેલ બાળક સાથે મહીલા નામે આરેફા ઉર્ફે મીનાને મહીલા પોલીસની હાજરીમાં યુક્તિ પ્રયુક્તિથી તેમજ કડકાઈથી પુછપરછ કરતા મળી આવેલ બાળકનુ પોતે ગઈ તા.૨૩/૨/૧૪ ના રોજ સાંજના સાડા પાંચેક વાગે લાલ દરવાજા પાસે આવેલ અખંડાનંદ હોસ્પિટલ આગળ ફુટપાથ ઉપરથી અપહરણ કરી લઈ ગયેલ હોવાની કબુલાત કરતા સદર મહીલાની આજરોજ ધરપકડ કરવામાં આવેલ છે.

ગઈ તા.૨૩/૨/૧૪ના રોજ સાંજના સાડા પાંચ વાગે અખંડાનંદ હોસ્પિટલ આગળની ફુટપાઠ ઉપરથી ફરીયાદી શ્રી અલી એહમદ રજીએહમદ શેખ ઉ.વ.૨૪, રહે. અખંડાનંદ હોસ્પિટલ સામે, ફુટપાથ ઉપર, સી.એન.આઈ. ચર્ચ તથા વિક્ટોરીયા ગાર્ડનની સામે, કારંજ, અમદાવાદ શહેરના આઠ માસના દીકરા નામે રમજાનનુ કાળી બટકી, જાડી બાઈ નામે આરેફા રહે. રખડતી, અમદાવાદની અપહરણ કરી લઈ ગયેલ હોવા બાબતની ફરીયાદ આપતા કારંજ પો.સ્ટે. I ગુ.ર.નં.૧૭/૧૪ ઈપીકો કલમ ૩૬૩ મુજબથી ગુનો નોંધાયેલ છે.

આ કામે ધરપકડ કરાયેલ મહીલા આરેફા ઉર્ફે મીનાની પુછપરછ કરતા મકસુદ છીપા રહેવાસી. મુંડા દરવાજા, જમાલપુર કે જે લોડીંગ રીક્ષા હાલ ચલાવે છે. તેને આશરે પાંચેક વર્ષથી પોતે ઓળખે છે તેને બાળક ન હોય બાળક લાવી આપવા અને તે બાળક પેટે રોકડ આપશે તેમ આજથી આશરે પચ્ચીસેક દીવસ અગાઉ જણાવતા પોતે આ આઠ માસના બાળકનુ અપહરણ કરી લઈ ગયેલ હોવાનુ જણાવેલ હોઈ કાયદેસર કાર્યવાહી કરી આગળની તપાસ કારંજ પોલીસને સોંપવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**(૨)**

ભુતકાળમાં અમદાવાદ શહેરમાં બનેલ લુંટ વીથ મર્ડર જેવા ગંભીર પ્રકારના ગુનાઓ ફાયર આર્મ્સથી આચરવામાં આવેલ હોય, આ પ્રકારના ગુનાઓ શોધી કાઢવા તેમજ ગેરકાયદેસરના આર્મ્સ હથિયાર શોધી કાઢવા અંગે પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ પોલીસ અધિકારીશ્રેઓ તરફથી મળેલ સુચના આધારે ગઈકાલ તા.૨૫/૨/૨૦૧૪ ના રાત્રિના કલાક ૧૧/૦૦ થી આજરોજ તા.૨૬/૨/૨૦૧૪ ના સવાર કલાક ૫/૦૦ દરમિયાન કોમ્બીંગ નાઈટ રાઉન્ડ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ તથા તેઓની ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.બી.દેસાઈ તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી પી.બી.દેસાઈને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે અમદાવાદ, શાહીબાગ સ્થિત સિવીલ હોસ્પિટલના ગેટ નં.૨ આગળ તપાસ કરતા (૧) સુનિલ ઉર્ફે ડીસ્કો S/O રામગણેશ વકીલ તિવારી ઉ.વ.૩૦ રહે. હાલ : સી/૫, પુષ્પાનગર ,ભગવતી સ્કુલ પાસે, ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર. મુળ ગામ – મુજવના, તા- ગોલા, થાના : બડહલગંજ, જીલ્લો- ગોરખપુર, ઉ.પ્ર. (૨) સંતોષસિંહ ઉર્ફે કટ્ટો S/O શેરસિંહ થારમસિંહ ચૌહાણ, ઉ.વ.૩૨ રહે.૧૫૧/૨, શિવાજીનગર, ડીફેન્સ કોલોની સામે, ભાર્ગવ રોડ, અમદાવાદ શહેર. મુળ ગામ – પહાડપુર, તા : કાયમગંજ, થાના : કમ્પીલ, જી : ફરૂખાબાદ, ઉ.પ્ર. હાજર મળી આવતા જેઓને અલગ અલગ રાખી તેઓની પોલીસ ઈન્સ્પેક્ટ શ્રી એસ.આર.ટંડેલ નાઓએ મળેલ બાતમી મુજબ, મેઘાણીનગર પો.સ્ટે. I ગુ.ર.નં.૨૮૫/૧૩ ઈપીકો કલમ ૩૦૭, આર્મ્સ એકટ કલમ ૨૫(૧)બી,એ મુજબના ગુનાના કામે અનિલ ઉર્ફે બાબુ રામગણેશ તીવારી ઉપર દેશી તમંચાથી ફાયર કરી જીવલેણ હુમલો કરી ઈજા પહોંચાડવામાં આવેલ તે ગુના સબંધે યુક્તિ પ્રયુક્તિથી તેમજ કડકાઈથી પુછપરછ કરતા સદર બંન્ને ઈસમોએ આ ગુનો કરેલ હોવાની કબુલાત કરતા ઉપરોક્ત બંન્ને ઈસમોની આજરોજ તા.૨૬/૨/૧૪ ના કલાક ૨/૧૫ વાગે ધરપકડ કરવામાં આવેલ છે.

ગઈ તા.૧૬/૧૨/૨૦૧૩ ના રોજ રાતિના કલાક ૩/૦૦ વાગે મેઘાણીનગર, ભાર્ગવ રોડ, ભગવતીનગર સ્કુલ સામે જાહેર રોડ ઉપર અનિલ રામગણેશ તિવારી ઉ.વ.૨૬, રહે. સી/૫, પુષ્પાનગર, ભગવતી સ્કુલ પાસે, ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર ઉપર ફાયર કરી જીવલેણ હુમલો કરી પીઠના ભાગે ઈજા પહોંચાડવામાં આવેલ હોવા અંગે ઈજા પામનારના ભાભી નામે રેખાબેન W/O સુનિલભાઈ S/O રામગણેશ તિવારી ઉ.વ.૨૯ રહે. હાલ : સી/૫, પુષ્પાનગર ,ભગવતી સ્કુલ પાસે, ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર. મુળ ગામ – મુજવના, તા- ગોલા, થાના : બડહાલગંજ, જીલ્લો- ગોરખપુર, ઉત્તરપ્રદેશ નાઓએ ફરીયાદ આપી પોતાની ફરીયાદમાં શકદાર તરીકે પોતાના પતિ (૧) સુનિલભાઈ S/O રામગણેશ તિવારી (૨) દીવાકર તીવારી રહે. ગામ – મુજવના, તા- ગોલા, થાના : બડહલગંજ, જીલ્લો- ગોરખપુર, ઉત્તરપ્રદેશ (૩) સુનીલ જોખઈ તિવારી રહે. નં.૨ મુજબ (૪) પારસ ઉર્ફે બબલુ ગોરખનાથ તિવારી રહે. અમદાવાદ ના નામ જણાવતા જે અંગે મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે I ગુ.ર.નં. ૨૮૫/૧૩ ઈપીકો કલમ ૩૦૭, આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)બી,એ મુજબથી ગુનો નોંધાયેલ છે.

આ કામે ધરપકડ કરાયેલ બે ઈસમોની પુછપરછ કરતા સુનિલ ઉર્ફે ડીસ્કો S/O રામગણેશ વકીલ તિવારી ફરીયાદી બહેન નામે રેખાબેનના પતિ થતા હોવાનુ તેમજ ઈજા પામનાર અનિલ રામગણેશ તિવારીનો મોટો ભાઈ હોવાનુ જણાઈ આવેલ છે. તેમજ ફરીયાદી રેખાબેન તથા ઈજાપામનાર અનીલ રામગણેશ તિવારી ભાભી-દીયર થાય છે. જે બંન્ને વચ્ચે આડા સબંધો હોવાના કારણે અવારનવાર આરોપી સુનિલ ઉર્ફે ડીસ્કો તથા તેની પત્નિ રેખાબેન તથા ભાઈ અનિલ તિવારી સાથે બોલાચાલી તથા ઝગડો તકરાર થતા હોય જે અંગે પોતાના પિતા તથા સસરાને વાત કરી નિરાકરણ લાવવા જણાવવા કોઈ નિરાકરણ નહી આવતા આરોપી સુનિલ ઉર્ફે ડેસ્કો નાએ પોતાની પત્નિ તથા ભાઈ વચ્ચેના આડા સબંધો તથા અવારનવાર થતા ઝગડો તકરારના કારણે તેના મિત્ર સંતોષસિંહ ઉર્ફે કટ્ટો કે જે અગાઉ હથિયારના ગુનાઓમાં ત્રણ વાર તથા દારૂના કેસમાં પકડાયેલ હોય તેમજ પાસા હેઠળ પણ ભાવનગર તથા નડીઆદ જેલમાં રહી આવેલ તેનો સંપર્ક કરી પોતાની પત્નિ સાથેના આડા સબંધોનો અંત લાવવા પોતાના ભાઈને ગોળી મારી જાનથી મારી નાંખવા પોતાની પાસેનો દેશી તમંચો આપી તેમજ અનિલના ખુન બાબતે પોતાનુ નામ ન આવે તે રીતે કામ કરવા જણાવતા પકડાયેલ આરોપી સંતોષસિંહ ઉર્ફે કટ્ટો નાએ મિત્રતાના નાતે તેમજ એકબીજાને ભવિષ્યમાં કોઈ પણ કામમાં મદદરૂપ થવાના ઈરાદે આરોપી સુનિલના નાના ભાઈ અનિલ ઉર્ફે બાબુ તિવારીનુ ખુન કરવાનુ નક્કી કરી, સુનિલ ઉર્ફે ડીસ્કોએ અગાઉ આપેલ સીમકાર્ડથી તા.૧૫/૧૨/૨૦૧૩ ના રોજ રાત્રિના નવેક વાગે, સંતોષસિંહ ઉર્ફે કટ્ટાએ મો.ફોનથી અનિલ ઉર્ફે બાબુને લેન્ડલાઈન ફોન ઉપર સંપર્ક કરી તમારા પિતાજીનુ કુરીયર છે. તે ક્યારે લેશો ? તેમ કહી વાત કરતા તમે જ્યારે આપો ત્યારે તેમ અનિલે જણાવતા વહેલી સવારના કુરીયર આપવા આવીશ તેમ કહી તા.૧૬/૧૨/૧૩ ના વહેલી સવારના ફોન કરી કુરીયર લેવા માટે મો.ફોનથી લેન્ડલાઈન ફોન ઉપર સંપર્ક કરી બોલાવી સુનિલ ઉર્ફે ડીસ્કોએ આપેલ દેશી તમંચાથી અનિલ ઉર્ફે બાબુ ઉપર ફાયર કરી પીઠના ભાગે ઈજા પહોંચાડી નાસી ગયેલ હોવાનુ જણાઈ આવેલ છે.

તેમજ વધુમાં આ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ દેશી તમંચો આ પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી સંતોષસિંહ ઉર્ફે કટ્ટાએ તા.૧૬/૧૨/૧૩ ના રોજ સવારના પોતાના મિત્ર નામે ઉદયરાજ ઉર્ફે ઉદયા S/O આશુરાજજી ગુણેશજી રાવ, ઉ.વ.૩૮, રહે. હાલ : ઈન્દીરા આવાસ, અશોકભાઈ ઠાકોરના મકાનમાં, હીંમતનગર તરફ જવાના બસ સ્ટેન્ડ પાછળ, મોટા ચિલોડા, તા-જી : ગાંધીનગર. મુળ ગામ – રાણાજી કા સીનલા, તા : મારવાડ જંકશન, જી : પાલી, રાજસ્થાન વાળો કે જે મોટા ચિલોડા સર્કલ પાસે મંજીત ફ્રાય સેન્ટરના નામથી ધંધો કરે છે તેના રહેણાંકે જઈ આપેલ હોય આ ઉદયરાજ ઉર્ફે ઉદયાની તેના રહેણાંકે તપાસ કરતા તેના રહેણાંકે મળી આવતા પુછપરછ કરતા તેણે આ હથિયાર હેક્સો બ્લેડ (આરી પટ્ટી) થી કાપી નાંખી તેના ભાગ કરી કેટલાક ભાગ પોતાના રહેણાંકની પાછળ આવેલ તળાવમાં ફેંકી દીધેલ હોવાનુ તેમજ તમંચાનો બટનો ભાગ પોતાના ઘરમાં રાખેલ હોવાનુ જણાવી રજુ કરતા જે તપાસ અર્થે કબ્જે કરી ઉદયરાજ ઉર્ફે ઉદયા S/O આશુરાજજી ગુણેશજી રાવની પણ ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

**<u>વટવા પો.સ્ટે.:-</u>**

આરોપી અલ્કેશ @ ચેતન **S/O** નવલસિંહ સંગાડા ઉવ.૨૦ રહે એસ.એલ.એમ.ના છાપરા ચાર માળીયા સામે વટવા અમદાવાદ નાને વટવા પોલીસ સ્ટેશનમાં ઇગ્લીશ દારૂના કેસમાં પકડાયેલ જેમાં સદરી આરોપીને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદશહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પી.સી.બી./ ડી.ટી.એન./પાસા/૧૬૬/૧૪તા.૨૫/૦૨/૨૦૧૪ હુકમ આધારે સદરી આરોપીને તા.૨૬/૦૨/૨૦૧૪ ના રોજ હુકમની બજવણી કરી મહેસાણા જીલ્લા જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.